મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ
સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા -૩૯૦૦૦૭.
CIN :U40102GJ2003SGC042907
ફેકસ નં. (૦૨૬૫) ૨૩૩૭૯૧૮,૨૩૩૮૧૬૪
ફોન નં. (૦૨૬૫) ૨૩૧૦૫૮૩ થી ૮૬
ઇમેઇલ : cetech.mgvcl@gebmail.com
ઇમેઇલ : ceproj.mgvcl@gebmail.com

રાજ્યના ગરીબ તેમજ બીપીએલ લાભાર્થીઓના ઉત્કર્ષ માટે ઘર વપરાશના વીજજોડાણો વીના મુલ્યે આપવા રાજ્ય સરકારશ્રી ધ્વારા આદિજાતી વિસ્તાર અંતર્ગત કુટીરજ્યોત યોજના અંતર્ગત નાંણાકીય સહાય ગ્રાન્ટ રૂપે ફાળવવામાં આવે છે.

## ❖ કુટિર જયોતિ યોજનાના હેઠળ ઘરવપરાશ નાં વીજજોડાણ અંગેની રૂપરેખા

૧ આદિજાતિ પેટા યોજના વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ રાજયના આદિજાતિ વિસ્તાર માટે રાજય સરકાર પુરસ્કૃત કુટિર જયોતિ યોજના અમલમાં છે. સદર યોજના માટે સરકાર તરફથી સો ટકા ગ્રાન્ટની ફાળવણી કરવામા આવે છે. જે માટે આદિજાતિના ગરીબ લાભાર્થીઓ કે જેઓની મહત્તમ વાર્ષિક આવક રૂ. ૪૭,૦૦૦/- ગ્રામ્યા વિસ્તોર માટે અને રૂા. ૬૮૦૦૦ /- શહેરી વિસ્તાટરમાં હોય અથવા બીપીએલ યાદીમા સમાવિષ્ટમ હોય તેવાલાભાર્થીઓનો આ યોજનામાં સમાવશે કરવામાં આવે છે.

૨ લાભાર્થીઓની યાદી સબંધિત પ્રાયોજના અધિકારીશ્રી તરફથી વીજ વિતરણ કંપનીઓને ઉપલબ્ધ કરવામા આવે છે.

૩. જેઓના રહેણાંક હયાત એલ.ટી.લાઇનથી ૧૦૦ મીટરની અંદર હોય તેવા લાભાર્થીઓનો અગાઉ સમાવેશ કરવામાં આવતો,પરંતુ હવે છુટાછવાયા વિસ્તારોના લાભાર્થીઓને પણ સદર યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

૪. આ યોજના અંતર્ગત લાભાર્થીએ વીજજોડાણ પેટે કોઇ રકમ ભરવાની રહેતી નથી.

૫.. લાભાર્થી ને એક પોઇન્ટ વાયરીંગ અને સીએફએલ સાથે વીજજોડાણ આપવામાં આવે છે. વીજજોડાણ આપ્યા બાદ ધારાધોરણ પ્રમાણે વીજબીલ લાભાર્થીએ ભરવાનું રહે છે.

૬. બીપીએલ લાભાર્થી ઓને પ્રતિમાસ બીલની રકમમાં પ્રથમ ૩૦ યુનિટમાં રૂા. ૧.૫૦ પૈસાના રાહત દરે વીજ બીલની આકારણી કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૬-૧૭ માં ૨૫૦૦ ઘરવપરાશના વીજ જોડાણો આપવાનુ આયોજન છે.